૫૪૫૩

એશિયા અને યુરોપ ખંડની ભૂગોળ.

(પાંચમા ધોરણના વિદ્યાર્થીને માટે.)

છપાવી પ્રસિદ્ધ કરનાર,
મણીશંકર લક્ષ્મીરાંમ પંડ્યા તથા
મોહનલાલ મૂળચંદ શાહ.

આવૃતિ ૧ લી. પ્રત ૧૦૦૦.

નરોડા.

અમદાવાદ.
"વિજય પ્રવર્તક" પ્રેસમાં છાપી.

સંવત ૧૯૪૯. સને ૧૮૯૩.

કીંમત સવા આનો.

પ૪૫૩

ભાગ ૧ લો.

એશિઆ ખંડ.

સામન્ય વર્ણન.

હદ.

ઉત્તરે—ઉત્તરમહાસાગર; પશ્ચિમે-યૂરલ પર્વત, યૂરલ નદી, કાસ્પિઅન સમૂદ્ર, કાકેસસ પર્વત, કાળો સમુદ્ર, મા‍ર્મોરા સમુદ્ર, આર્કિપેલેગો સમુદ્ર, ભૂમધ્ય સમુદ્ર, સુવેજની નહેર, અને રાતો સમુદ્ર; દક્ષિણે હિંદી મહાસાગર; અને પૂર્વે પાસિફિક મહાસાગર છે.

દેશ-(૧) બલુચિસ્તાન, (૨) અફઘાનિસ્તાન, (૩) ઇરાન, (૪) અરબસ્તાન, (૫) એશિઆઇ તુર્કસ્તાન, (૬) તાર્તરી, (૭) એશિઆઇ રૂશિઆ, (૮) જાપાન, (૯) ચીનાઇ રાજ્ય, (૧૦) હિંદીચીન, (૧૧) સિંહલદ્વીપ કે લંકા, (૧૨) ભરતખંડ કે હિંદ.

પર્વત—હાલા, સુલેમાન, હિંદુકુશ, એલબુર્ઝ, કુર્દિશ, લિબનાન, તારસ, બેલુરતાગ, થીઆનશાન, કાકેસસ, આલતાઇ, કુવેનલૂન, યૂનલીંગ, પેક્ષ, તલ્લા, ગદ્દા, એબીયા, હિમાલય, કરાકોરમ, યૂરલ, સિંહાદ્રી, સાતપૂડા, વિંધ્યાચળ, નીલગીરી, પૂર્વઘાટ, ચમલારી, પાવાગઢ, સેત્રુંજો, આબુ, અરવલી, આરાસુર, કૈમુર, એડ્રિઆનો, (ઓરિસ્સા) પાલની, ચિતાગાંગ, ટિપરાહ, ખાસ્યા, છોટાનાગપૂરનો.

મહાસાગર—ઉત્તર મહાસાગર, હિંદી મહાસાગર, દક્ષિણ મહાસાગર, પાસિફિક મહાસાગર.

સમુદ્ર—રાતો, અરબી, બંગાળી ચીનાઇ, પીળો (પીત); જાપાની, ઓકોટસ્કનો, બેહરિંગ, આરલ, કાસ્પિઅન કાળો.

અખાત—ઇરાની, ઓમાન, કાસ, ઓબી, યેનેસી, લીના, તાર્તરી, પેચીલી, સિયામ, માર્ટાબાન, મનાર, કચ્છ, ખંભાત.

ઉપસાગર—બંગાળી.

નદીઓ.

કચ્છના રણને મળનારી નદીઓ સરસ્વતિ, બનાસ, મચ્છુ.

સમુદ્રને મળનારી નદીઓ નીચે મુજબ.

અરબી સમુદ્રને—સિંધુ, ભાદર, તાપી, બંગાળી સમુદ્રને—ગોદાવરી, કૃષ્ણા, કાવેરી.

મહાસાગરને મળનારી નદીઓ નીચે મુજબ.

ઉત્તરમહાસાગરને—ઓબી, યેનેસી, લીના.

પાસિફિક મહાસાગરને—પેઇહો, હોઆંગહો, યાંગસેકયાંગ, કંત્તાન.

બંગાળી ઉપસાગરને મળનારી નદીઓ—ગંગા, બ્રહ્મપુત્રા, મહાનદી, બ્રાહ્મણી, સુવર્ણ રેખા, વૈતરણી.

સિંધુને મળનારી નદીઓ—કાબુલ, જેલમ ચીનાબ, રાવી, બીઆસ, સતલજ.

ગંગાને—જમના, ઘોઘ્રા, રામગંગા, ગંડકી, શોણ, કુશી.

જમનાને—ચંબલ, સિંધ, બતવા.

નદીઓ વિષે હકીકત.

કાબુલ—હિંદુકુશમાંથી નીકળી સિંધુને મળેછે. એને કાંઠે કાબુલને અટકછે.

તિગ્રીસ—એ તારસ પર્વતમાંથી નીકળી ઇરાની અખાતને મળેછે. તેને કાંઠે બગદાદછે.

યુફ્રેતીસ—એ તારસ પર્વતમાંથી નીકળી ઇરાની અખાતને મળેછે તેને કાંઠે બસ્રા બંદર છે.

આમુ—(આકસસ); બે લૂરતાગમાંથી નીકળી આરલ સમુદ્રને મળેછે અને કાંઠે બલ્ક તથા ખીવા.

સિરદયા—(સિહુન) થીઆનશાન પર્વતમાંથી નીકળી આરલ સમુદ્રને મળેછે. તેને કાંઠે ખોકાન અને ખોજંદ છે.

યાર્કંદ—કુવેનલૂન પર્વતમાંથી નીકળી પાસેના સરોવરને મળેછે તેને કાંઠે યાર્કંદ છે.

ઓબી—આલતાઇ પર્વતમાંથી નીકળી ઉત્તર મહાસાગરને મળેછે. એને કાંઠે બારનોલ અને નારીમ.

યેનસી—આલ્તાઇ પર્વતમાંથી નીકળી ઉત્તર મહાસાગરને મળેછે એને કાંઠે કીસતોય છે.

લીના—આલતાઇ પર્વતમાંથી નીકળી ઉત્તર મહાસાગરને મળેછે.

આમૂર—આલતાઇ પર્વતમાંથી નીકળી ઓકોટસ્કના સમુદ્રને મળેછે.

પેહહો—કુનલીન પર્વતમાંથી નીકળી પીત્ત સમુદ્રને મળે છે એને કાંઠે પેકીન છે.

હોઆંગહો—કુનલીન પર્વતમાંથી નીકળી પીત્ત સમુદ્રને મળેછે.

યાંગસેક્યાંગ—યૂનલીંગ પર્વતમાંથી નીકળી પીત્ત સમુદ્રને મળેછે એને કાંઠે નાનકીન ને શાંગહાય છે.

કંતાન—યૂનલીંગ પર્વતમાંથી નીકળી પાસિફિક મહાસાગરને મળે છે એને કાંઠે કંતાન છે.

ઇરાવતી—બેસાનના પર્વતમાંથી નીકળી માર્ટાબાનના અખાતને મળે છે એને કાંઠે માંદલેજ છે.

મનામ—બ્રહ્મદેશના પહાડમાંથી નીકળી સયામના અખાતને મળે છે એને કાંઠે બાંકોક છે.

કામબોડીઆ—કાચીન ચીનના પર્વતમાંથી નીકળી ચીનાઈ સમુદ્રને મળે છે એને કાંઠે સાયગોન છે.

સિંધુ—હિમાલયના કૈલાશ શીખરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે; એને કાંઠે. લાડક, અટક, દેરાઇસ્માઈલખાન, કલાબાગ, મિથનકોટ, સક્કર, હૈદરાબાદ, કરાંચી.

ગંગા—હિમાલયના ગંગોત્રી શીખરમાંથી નીકળી બંગાળી ઉપસાગરને મળે છે; એને કાંઠે બદરીનાથ. હરદ્વાર, ફતેહઘઢ, કનોજ, અલહાબાદ, કાશી, બકસર, પટણા, માંગીર, રાજમહાલ.

બ્રહ્મપુત્રા—હિમાલયમાં આવેલા કૈલાશ પર્વતમાંથી નીકળી બંગાળી ઉપસાગરને મળે છે; એને કાંઠે તેજપૂર, ગૌહતી, ઢાકા.

ભૂશીરો—રાસ અલહદ, પૂર્વકેપ, લોપાટકા, રાશમુરરી, જગતપોઇંટ, દીવ કોરાગાસ, કંન્યાકુમારી, કેપનીગ્રોઇસ.

બેટ—કરક, ક્રિબ્બ, ઓર્મજ, બેહેરૈન, સોકાત્રા, સીલોન, આમોસ, કોસ, રોડસ, સૈપ્રસ, નિફોન, યસો, સગેલીયન, હૈનાન, ફારમોસા, કાંદીઆ, જાવાયા, પિનાંગ, શિંગાપોર, હોંગકોંગ, ગ-

કાઉસંકા, અદમાન વિગેરે.

દ્વીપકલ્પ—કોરીઆ, કામસ્કાટકા, અરબસ્તાન, હિંદુસ્તાન, મલાયા, હિંદીચીન.

સંયેગીભૂમી—કોની.

સામુદ્રધુની— હોર્મજ. બાબલમાંડપ, બેહેરીંગ, સુવેજ, મોલકા, ફારમોસા, કોરીઆ લેપરૂજ, મલાકા, પાકની વિગેરે.

સરોવર—ઉરૂમીયાન, બકતેગાલ, લાન, મૃત(ડેડસી), આરલ, બલકાશ, કાસ્પિઅન, એકલ, તેશ્રીનુર, પાલતે, રાવનહૃદ, માન, વિગેરે.

રણ—ઇરાનનું, મારવાડ કચ્છનું, સિંધનું સિરિઆનું, ગોબીનું, અરબસ્તાનનું.

અયાતમાલ—લોઢાનોસામાન, સુતરાઊ અને ઉનનાં લુગડાં, ત્રાંબુ, ફરનીચર, કલાઈ કોયલા, યંત્રો કાચ, કાગળ.

ભાગ ૨ બીજો.

દેશાવાર વર્ણન.

(૧) બલુચિસ્તાન.

સિમા—ઉત્તરે અફઘાનિસ્તાન પૂર્વે સિંધ ને હાલાપર્વત દક્ષિણે અરબી સમુદ્ર ને પશ્ચિમે ઇરાન.

પર્વત—હાલા છાવણી—કવેટા.

શાહેર—ખીલાત.

ભાષા તથા ધર્મ—બલુચી ભાષા ને ધર્મ મુસલમાની છે.

વિષેશ હકીકત—રાજ્ય વહીવટ સરદારો કરેછે. ખિલાતનો સરદાર મોટોછે લોકો ખેતીની દરકાર રાખતા નથી તેઓ બોલનઘાટને માર્ગે હિંદુસ્તાન જોડે વેપાર ચલાવેછે.

(૨) અફ્ઘાનિસ્તાન.

સીમા—ઉત્તરે તાર્તરી, પૂર્વ સુલેમાનને પંજાબ, દક્ષિણે બલુચિસ્તાન, પશ્ચિમે ઇરાન.

પર્વત—સુલેમાનને હિંદુકુશ. નદી કાબુલ શેહેર.

કાબૂલ—એ રાજધાનીનું શેહેર કાબુલ નદી ઉપર છે.

ધિજની—કોટબંધ પ્રખ્યાત શેહેર છે.

કંદહાર—કોટબધ પ્રખ્યાત શેહેર છે.

હેરાત—અફ્ઘાનિસ્તાનની પશ્ચિમે શેહેર છે.

પ્રાંત—સેઇસ્તાન છે.

વિષેશ હકીકત—ખૈબરઘાટને વાટે એ લોકો પંજાબ જોડે વેપાર ચલાવે છે તથા તુર્કસ્તાન અને ઇરાન જોડે વેપાર ચલાવે છે. ઘોડા અને સુકો મેવો પરદેશ જાય છે ને કાપડ લાવે છે.

(૩) ઇરાન.

સીમા—ઉત્તરે ઉચા પર્વત કુર્દીશ તથા એલબર્ઝ ને તાર્તરીનો થોડો ભાગ, પૂર્વે બલુચિસ્તાન ને અફ્ઘાનિસ્તાન, દક્ષિણે ઇરાની અખાત, પશ્ચિમે તુર્કસ્તાનનો ભાગ.

પર્વત—કુર્દીશ અને એલબર્ઝ.

અખાત—ઇરાની.

બેટ—ક્રરક, કિશ્મ, ઓર્મજ.

શેહેર.

તેહેરાન—રાજધાની છે.

ઇસ્પહાન—આગલા વખતની જુની રાજધાની.

શિરાજ—ત્યાંનો દારૂ વખણાય છે તેમાં પ્રથમ રાજ્યગાદી હતી ને સાદી અને હાજી નામે કવિ જન્મ્યા હતા.

તબ્રિજ—કસ્બો છે.

યજદ—તેમાં જરતોસ્તી ધર્મ પાળનારા પારસી રહે છે.

અસ્ત્રાબાદ—રૂશિઆ સાથે વેપાર કરે છે.

મશહદ—તાર્તરીને હેરાત જોડે વેપાર કરેછે.

બુશીર—ઇરાની અખાતમાં બંદરછે. ને હિંદુસ્તાન જોડે વેપાર કરેછે.

બીજાંશેહેર—પરસે પોલીસ.

વિશેષ હકીકત—ઇરાનમાં ઘણું ખરે ઠેકાણે રણછે. રાજાને શાહ કહેછે. કરક બેટમાંથી મોતી નીકળેછે તે ઇરાનને તાબેછે કિશ્મ, ને ઓર્મજ મસ્કતના ઇમામને તાબેછે. ઇરાની કુતરા તથા ઘોડા વખણાયછે. એ દેશમાંથી પરમુલક ખાતે મેવા ઉનના ગલીચા, સેત્રંજી, ચામડાનો સામાન, કેશર તરવાર, કાચ, બરણીઓ, આરસ, વિગેરે. તેના બદલામાં હિંદુસ્તાનમાંથી ખાંડ, હીરા, માણેક, વિલાયતિ કાપડ વિગેરે આવેછે.

(૪) અરબસ્તાન.

સીમા—ઉત્તરે તુર્કસ્તાન પૂર્વે ઇરાની અખાત દક્ષિણે હિંદી મહાસાગર પશ્ચિમે લાલસમુદ્ર તથા તેના પેલીમેર આફ્રિકા.

ભાગ—હિડજાજ. યમન, હદ્રમૌત, ઓમાન, નજદ.

પર્વત—સિનાય, ઓરબ.

સમુદ્ર—રાતો; (તાંબડા).

અખાત—એડન.

ભૂશીરો—રાશઅલહદ.

બેટ—બેહેરૈન, સોકોટ્રા.

શેહેર.

મક્કા—હિડજાજ પ્રાંતની રાજધાની છે. એમાં હજરત મહમદનો જન્મ થયો હતો. અને મુસલમાનોનું જાત્રાનું ઠેકાણું છે.

મદીના—પેગમ્બરની કબર છે.

મોખા—યમન પ્રાંતમાં બંદર છે, તેમાં કિલ્લા કોટ છે; ત્યાંનાં બુન વખણાય છે.

મસ્કત—ઓમાન પ્રાંતની રાજધાની છે; તે ઇમામને તાબે છે તેમાં કિલ્લા કોટ છે. તેમાં દાડમ ઘણાં સારાં થાય છે.

જેડા—બંદર છે. તે રાતા સમુદ્રમાં છે.

રિયાદ—નજદ પ્રાંતની રાજધાની છે; ત્યાંનો હાકેમ ઘોડા ઉછેરવામાં નામીચો છે.

એડન—ડરમો છે ને તે અંગ્રેજને તાબે છે ને હદ્રમૌત પ્રાંતમાં છે.

બીજાં શેહેર—રોસ્તક.

વિષેશ હકીકત—બેહેરૈન બેટમાં મોતી ઉત્પન્ન કરનારા કાલુનામે છીપવાળા જીવ તેની આસપાસના દરિયામાં રહે છે. પ-

શ્ચિમ ને દક્ષિણ તરફ નાના નાના પહાડો છે. દેશ ઘણોખરો ઉજડ છે. ઉજડ ભાગમાં કેટલેક ઠેકાણે લીલોતરીવાળી જગ્યા, ને મીઠા પાણીના કુવા છે પશ્ચિમ બાજુ તરફ ઇસ્તાંબુલનો સુલતાન દાવો રાખે છે. અરબસ્તાનના ઘોડા, ઉંટ ને સાંઢણીઓ પ્રખ્યાત છે. બદાવીન નામે ભટકનારી ટોળીઓ તેમાં રહે છે તેઓ સ્વતંત્ર છે ને વેપારીઓને લુટે છે. સરદારને શેખ કહે છે. નિકાશ–ઘોડા, ગુંદર ને બુનદાણા છે.

(૫) તુર્કસ્તાન.

સીમા—ઉત્તરે કાળો સમુદ્ર, મારમોરા, ને કાકેસસ પર્વત પૂર્વે ઇરાન, દક્ષિણે અરબસ્તાન ને પશ્ચિમે ભૂમધ્ય સમુદ્રને આર્કિપેલેગો સમુદ્ર.

ભાગ—(૧) એશિઆ મૈનર (લઘુ એશિઆ). (૨) સીરિઆ. (૩) અલજઝીરાઇરાક અરબી અને તુર્કીકુર્દિશસ્તાન (૪) આર્મિનીયા.

પર્વત—લિબનાન અને તારસ.

નદીઓ—તિગ્રિસ, યુફ્રતિસ.

બેટ—સિરઓન, સામોસ, કોશ, રોડસ, સૈપ્રસ.

સરોવર—વાન, મૃત (ડેડસી).

શેહેર.

સ્મર્ના—રાજધાનીનું શેહેરછે ને યૂરોપના વેપારનું મથક છે.

દમુસ્કસ (દમાસ્કસ)—સીરિઆની રાજધાનીછે. દુનિયામાં

સૌથી જુનું શેહેરછે.

હુલેંખો—નગરછે ને વેપારનું મથકછે.

સીડન—તેમાં પ્રથમ કાચ બન્યો.

ટાયર—પ્રથમ કાચ બન્યો.

બધદાદ—અલજીરાની રાજધાની છે ને મુસલમાની ધર્મના ધર્મગુરૂની આગળ રાજધાની હતી.

બસ્રા—બંદર છે ઇરાની અખાતમાં.

બાબીલન—પ્રખ્યાત સિકંદર બાદશાહનું મરણ ઇ. સ. પૂર્વે ૩૨૩ માં થયું.

અર્જરૂમ—આર્ગીનીયા પ્રાંતની રાજધાની છે.

ત્રેબીઝાંડ—કાળા સમુદ્રને કાંઠે બંદર છે. ત્યાં સુતરાઉ લુગડાં ઉપર રાતો રંગ ચઢાવે છે.

બીજાં શેહેર—જેરૂસલમ.

વિશેષ હકીકત—રેશમ, રૂ, ઉનનાં કારખાનાં છે અંગોરા નાગના બકરાં થાય છે તેના વાળ શાલ બનાવવાના કામમાં લેછે. એમાંથી પરદેશ જાને અફીણ, મદીરા, મેવા, લોહચુંબક, ત્રાંબુ વિગેરે પરદેશ જાય છે. સિરીયાના દક્ષિણ ભાગને પાલેસ્તૈન કહે છે, તેમા હજરત ઇસુખ્રિસ્તનો અવતાર થયો હતો. તેની રાજધાની જેરૂસલમ હતું તેમાં જાહેના ઇતિહાસમાં પ્રખ્યાત છે. લોકોનો મુખ્ય ઉધમ, ખેતી, રૂ, રેશમનો વણાટ ને ત્રાંબાનાં ઘાટ કરવા.

(૬) તાર્તરી.

સીમા—ઉત્તરે રૂશિઆ, પૂર્વે થીઆન શાન પર્વત તેની પેલી-

મેર ચીન, દક્ષિણે અફઘાનિસ્તાન પૂર્વે ઇરાન તથા કાકેસસ પર્વતની દક્ષિણે મુલક.

ભાગ—(૧) રૂશિઆઇતાર્તરી, (૨) પશ્ચિમ તાર્તરી, (૩) પૂર્વ તાર્તરી, (૪) ચીનાઇ તાર્તરી.

પર્વત—થીઆનશાન, બેલૂરતાગ.

નદીઓ—આમુ (આકસસ). સિરદર્યા (સિહુન) યાર્કંડ.

સમુદ્ર—કાસ્પિઅન સમુદ્ર.

સરોવર—આરલ, બલકાશ.

શેહેર.

બોખારા—પશ્ચિમતાર્તરીનું મુખ્ય શેહેરછે તે મુસલમાની વિધાને માટે પ્રખ્યાત છે.

ખીવા—વેપારનું સ્થળછે.

ખોકંડ—મહાનબાબર નામે દિલ્લીના પાદશાહનો મૂલક હતો.

મેર્વ—બંદર છે.

કાશગર—યાકુબ બેગની રાજધાની છે.

યાર્કંડ—યાર્કંડ નદી ઉપર છે.

ખોતાન—વેપારનું મથક છે.

બીજાં શેહેર—બલ્ક, ખોજંદ, તાષ્કંદન, કારાકુલ.

વિષેશ હકીકત—તાર્તરીનો દક્ષિણ અને પૂર્વ ભાગ પહાડી છે. તાર્તરી પહેલાં સ્વતંત્ર હતો, હાલ તે રૂશિઆને તાબે છે મુખ્ય સરદાર બોખારાનો ખાન છે. પૂર્વ તાર્તરી પહેલાં ચીનાઇ તાર્તરીને તાબે હતું પણ હાલમાં મુસલમાન હાકેમના તાબા નિચે

સ્વતંત્ર છે. કાશ્મીરને રસ્તે હિંદુકુશ અને કારાકોરમ પર્વત ઉપર થઇને ભરતખંડ સાથે વેપાર કરે છે.

(૭) રૂશિઆ.

સીમા—ઉત્તરે ઉત્તર મહાસાગર. પૂર્વે બેહેરીંગ ને ઓકોઠસ્કનો સમુદ્ર, દક્ષિણે ચીનાઇ રાજ્ય, પશ્ચિમે યૂરલ પર્વત યૂરલ નદી કાસ્પિઅન સમુદ્ર.

ભાગ—(૧) કાકેસસ પર્વતની દક્ષિણનો, (૨) સૈબિરીઆ, (૩) તાર્તરીનો ઉત્તર ભાગ.

પર્વત—કાકેસસ, યૂરલ, આલ્તાઇ.

નદીઓ—ઓબી, યેનેસી, લીના, આમૂર,

સમુદ્ર—આર્કટિક, બેહેરિંગ, કામસ્કાટકા.

અખાત—ઓબી, આનાદીર, લીના, તાર્તરી.

ભૂશીર—પૂર્વકેપ, લોપાટકા.

બેટ—સગેલીયન.=દ્વીપકલ્પ—કામસ્કાટકા.

સરોવર—બેકલ.

શેહેર.

તોબોલસ્ક—પશ્ચિમ ભાગની રાજધાનીછે.

ઇર્કુતસ્ક—પૂર્વ ભાગની રાજધાનીછે.

તાસ્કંદ—રૂશિઆઇ તાતરીની રાજધાનીછે.

સમરકંદ—તેમાં તૈમુરની કબરછે તથા રાજધાનીછે.

તિફ્લીસ—કાકેસસ પર્વતની દક્ષિણના મુલકની રાજધાનીનું શેહેરછે.

એરીવાન—૭૦ વરસ ઉપર ઈરાન પાસેથી રૂશિઆએ જીતી લીધું.

બીજાં શેહેર—સુરગુજ, ન્યુગન, બુરોજો, પેત્રીપાલીસ, ઓમસ્ક, તોમસ્ક, કિઆખ્ત.

વિશેષ હકિકત—આલતાઇ પર્વતને આમૂર નદીથા સૈબીરીઆનો ભાગ ચીનથી જુદો પડે છે. આલતાઇ અને યુરલ પર્વતમાંથી સોનું, રૂપુ વિગેરે ધાતુઓ જડે છે. સૈબિઆના પૂર્વ ને પશ્ચિમ ભાગમાં શિઆંળો બહુ લાંબો અને સખ્ત છે ને બેકલનામે મીઠા પાણીનું સરોવર આખી દુનિઆમાં મોટામા મોટુ છે.

(૮) જાપાન.

સીમા—ચારે દિશાએ પાસિફ્કિ મહાસાગર વીંટાઇ વળેલો છે.

ભાગ—નિફ્રાન, યસો, સિકોકુ, કીઉ્યુ.

સમુદ્ર—જાપાની.

શેહેર.

યદો—નિફ્રાનની રાજધાની છે.

નાગાસાકી—મુખ્ય બંદર છે.

બીજાં શેહેર—નિયાદો, ઓસાકા, માચમય.

વિશેશ હકીકત—રાજ કરનાર પાદશાહને મુકાદો કે મુજ્ય કહે છે. હિંદુસ્તાનને ચીન સિવાય એશિઆ બધા દેશો કરતાં વસ્તી ઘાઢી છે. લોકો બુદ્ધિવાન ને વિદ્યા હુનરમાં પ્રવીણ છે. તરવાર, ચીનાઇ વાસણ, તથા લખોટેલાં વાંસણ સારાં બનાવે છે, દેશની

ભુગો રસાળ છે સોનું, રૂપુ, ત્રાંબુ, કોયલા, નીકળે એવી ખાણોછે.

(૯) ચીનાઇ રાજ્ય.

સીમા—ઉત્તરે રૂશિઆ, પૂર્વે જાપાની સમુદ્ર તેની પેલીમેર જાપાન, દક્ષિણે ચિનાઈ સમુદ્ર તથા હિંદીચીન અને હિમાલય પર્વત, પશ્ચિમે તાર્તરી.

ભાગ—(૧) શુદ્ધચીનદેશ, (૨) ચીનાઇ તાર્તરી. (મોંગોલીઆ સહીત), (૩) તિબેટ.

પર્વત—યૂનલીંગ, આલતાઇ, કુવેનલૂન.

નદીઓ—પેઇહો, હોઆંગહો, યાંગસેકયાંગ, કતાન, આમૂર, સિંધુ, સતલજ, બ્રહ્મપુત્રા, ઇરાવદી.

સમુદ્ર—ચીનાઈસમુદ્ર, પીળો સમુદ્ર, (પીત)

દ્વીપકલ્પ—કોરીઆ.

બેટ—હેનાન, ફારમોસા, ક્યુસ્યુ, લુચ્યુ, હાંગકાંગ, મકાઉ.

સામુદ્રધુનિ—ફારમોસા, કોરીઆ, હોર્મજ,

સરોવર—તેઓનૂર, પાલતે, રાવણહૃદ, ગાવ.

રણ—ગોબીનુ.

શેહેર.

પેકીન—રાજધાનીમાં. પાદશાહ રહેછે.

નાનકીન—યાંગસેકયાંગ નદી ઉપરછે. તેમાં હુનરનાં કારખાનાં ઘણાં છે.

શાંગહાય—નાનકીનની પાસે બંદરછે.

કંતાન—ચીનાઇ સમુદ્રમાં બંદર છે.

લાસા—તિબેટની રાજધાની અને બૌધધર્મનું પવીત્ર ધામછે. એ ધર્મના મુખ્ય આચાર્યને મહાલામા કહે છે.

કીંકીતાઉ—કોરીઆ દ્વીપકલ્પની રાજધાની છે.

બીજાં શેહેર—ખોતાન, યારકંડ, કાશગર, મકાઉ.

વિષેશ હકિકત—વિસ્તારમાં ચીનનું રાજ્ય ત્રીજે નંબરે છે. વસ્તીમાં ધાડુછે. લગભગ ૪૮ કરોડ માણુસની વસ્તીછે. કંતાન નદીના મુખ આગળ હોંગકાંગ બેટછે. તે ઇંગ્રેજને તાબેછે. મકાઉ બેટ પોર્તુગીઝને તાબેછે. લોકો હોશિઆર ને ઉધોગીછે. ખેતીનું કામ સારૂ ચાલેછે. દુનિયામાં તેમનાવડે ચાનો છોડ જાણવામાં આવ્યો; ચીનમાં મુલ્યવાન ખનીજો હોવાથી હુન્નરો સારા ચાલેછે. સેંકડો વર્ષ ઉપર તાર્તરીના મુગલ લોકોને ચીનમાં આવતા અટકાવવાને મોટો કોટ બાંધેલોછે તે હાલમાંછે. લોકો માછલાં પકડવાને ધંધો તથા ખેતી કરેછે છાપવાની કળા, હોકાયંત્રની શોધ, બંદુકના દારૂની બનાવટ તેમણે કરીછે. પરદેશ ખાતે જતો માલ. ચા, ખાંડ, રેશમ સુતરાઉ કાપડ, રમકડાં મખમલ, સાટીન, ચીનાઇ વાસણ, સાંલ વિગેરે. અયાત માલ ભરતખંડનું અફીણ, પરમી ચામડાં અનેક જાતના ગુંદર વિગેરે.

(૧૦) હિંદીચીન.

સીમા—ઉત્તરે ચીનાઇ રાજ્ય પૂર્વે ચીનાઇ સમુદ્ર, દક્ષિણે મલાક્કાનો બેટો અને હિંદી મહાસાગરનો થોડો ભાગ, પશ્ચિમે બંગાળી સમુદ્રને ભરતખંડનો થોડો ભાગ.

ભાગ—(૧) બ્રહ્મદેશ, (૨) સિયામ, (૩) મલાયા, (૪) કોચીનચીન=સંસ્થાન-મલાક્કા, વેલેસ્લી.

પર્વત—આરાકાનના પર્વતો.

નદીઓ—મૈનામ, કામબોડીઆ, ઇરાવતી.

અખાત—માર્ટાબાન.

દ્વીપકલ્પ—હિંદીચીન એજ મોટો દ્વીપકલ્પછે અને મલાયા.

બેટ—પીનાંગ, સીંગાપોર.

સામુદ્રધુનિ—મલાક્કા.

સંયોગીભૂમી—ક્રોની.

શેહેર.

માંડલેજ—ઇરાવતી નદીને કાંઠે બ્રહ્મદેશની રાજધાનીછે.

આવા—જૂની રાજધાનીનું શેહેરછે.

અમરપુર—જૂની રાજધાનીનું શેહેરછે.

આકસોબા—જૂની રાજધાનીનું શેહેર હતું.

સાયગોન—ફ્રાન્સના તાબાનું શેહેરછે ને તે કામબોડીઆ નદી ઉપરછે.

હ્યું—કોચીન ચીનની રાજધાનીછે.

બાંકોક—સિયામની રાજધાની મૈનામ નદી ઉપરછે.

મુલમૈન—મોટું બંદરછે.

બીજાં શેહેર—આસામ, તિનાસરીમ, પ્રોમપેગુ, રંગુન, આરાકાન.

વિશેષ હકીકત—દેશમાં પુષ્કળ ખનિજ, ઝાડ, અને ઘેડવા

લાયક જમીનછે. લોકો ખબરદાર છે. ઘંટ, લખોટેલાં વાસણ વગેરે બનાવવાના હુનરમાં સારા માહેતગારછે. અને હિંદુ ને ચીનના લોકો-ને મળતાછે. આસામ, આરાકાન, તિનાસરીમ પ્રાંતો ઇ. સ. ૧૮૨૬ અને પેગુ ઇ. સ. ૧૮૫૨માં ત્યાંના રાજા પાસેથી ઇંગ્રેજે જીતી લીધાં. આરાકાન, તિનાસરીમ, પેગુનો કારભાર હિંદુસ્તાનના ગવર્નર જનરલના હાથ નિચે કમિશનર ચલાવેછે. બ્રહ્મદેશ હાલ ઈંગ્રેજને તાબેછે રાજ કારભાર કમિશનર કરેછે. રાજાને પકડીને અહમદન-ગરમાં રાજકેદી તરીકે રાખ્યોછે બ્રહ્મી લોક ચીન સાથે વેપાર ક-રેછે, મલાયા લોક મુસલમાંની ધર્મ પાળેછે હિંદીચીનની બાકીની વ-સ્તી બૌધ ધર્મ પાળેછે. કામબોડીઆ નદીની આસપાસનો મૂલક ફ્રા-ન્સને તાબેછે. કોચીન ચીન અનામના રાજાને તાબેછે.

અયાતમાલ—ચોખા અને મીઠાને સાટે સુતરાઉ, હીરાગળ, અને ઉનનાં લૂગડાં લાવેછે બ્રહ્મદેશની બીડીઓ વખણાયછે.

(૧૧) સિંહલદ્વીપ કે લંકા (સીલોન).

સીમા—એની ચારે દીશાએ હિંદીમહાસાગર વીંટાઇ વળેલોછે.

પર્વત—પેદ્રા, તાલા, ગલ્લા, એલીયા.

નદીઓ—મહાવીલીગંગા, કાવાનીગંગા, કાલુગંગા.

અખાત—મનાર.

સામુદ્રધુનિ—પાકની.

બંદર—કોલંબો, પોઇંટદીગાલ, ત્રીકોમાલી, પોઇંટપ્રેદ્રા.

શેહેર.

કોલંબો—એ પશ્ચિમ કાંઠા ઉપરછે તેમાં ગવર્નર રહેછે; અને

તે હાલની રાજધાનીછે.

કાંદી—જુની રાજધાનીછે.

વિષેશ હકીકત—આ બેટ ઇંગ્રેજ સરકારના હાથ નિચેછે તેમાં મહારાણી વિકટોરીઆ તરફથી ઘલાયદો નિમાયેલો ગવર્નર અમલ કરેછે. આ બેટમાં તેજાના, હાથીદાંત, મોતી નીપજેછે ને ત્યાંના જંગલોમાં હાથીઓ થાયછે ત્યાં બુનદાણાની ઘણી મોટી વાડીઓછે ને આદમની ટેકરી ઉપર બુધનાં પગલાંછે એવું બૌદ્ધગોરજીઓ કહેછે.

(૧૨) ભરતખંડ. (હિંદુસ્તાન).

સીમા—ઉત્તરે હિમાલય પર્વતની પેલેમેર તિબેટ તથા કારાકોરમ પર્વતને હિંદુકુશ પર્વતની પેલીમેર તાતાર પશ્ચિમે સુલેમાન પર્વતની પેલીમેર અફઘાનિસ્તાન અને હાલા પર્વતની પેલીમેર બલુચિસ્તાન દક્ષિણે હિંદીમહાસાગર પૂર્વે બંગાળી ઉપસાગર આરાકાનના ડુંગર ને બ્રહ્મદેશ.

વિસ્તાર—કાશ્મીરથી કંન્યાકુમારી સુધી ૧૯૦૦ મૈલ લંબાઈ ને સિંધથી આસામ સુધી ૧૮૦૦ મૈલ પહોળાઇછે. ૧૫૮૨૧૨૦ ચોરસ મૈલ ક્ષેત્રફળછે.

વસ્તી—૨૮ કરોડ માણુસનીછે.

ભાગ—(૧) હિમાલયની તળેટીનો ઢળતો પ્રદેશ, (૨) સિંધુનો પ્રદેશ, (૩) રેતીનું રણ, (૪) મધ્ય હિંદુસ્તાન અને રજપૂત સસ્થાનનો ઉંચો પ્રદેશ, (૫) ગંગાનો પ્રદેશ, (૬) બ્રહ્મપુત્રાનો પ્રદેશ, (૭) નર્મદાનો પ્રદેશ, (૮) શુદ્ધ દક્ષિણ, (૯) પશ્ચિમ કાંઠાનો નિચાણનો પ્રદેશ, (૧૦) પૂર્વ કાંઠાનો નિચાણનો પ્રદેશ.

પર્વતો—હિમાલય, શિવાલીક, વિંધ્યાચળ, સાતપૂડા, સંહ્યાદ્રિ (પશ્ચિમઘાટ), નિલગીરી, પૂર્વઘાટ, કારાકોરમ, હિંદુકુશ, સુલેમાન, હાલા, અરવલી, આબુ વિગેરે.

હિમાલયનાં શીખરો—એવરેસ્ટ, ધવલગીરી, કાચીનગંગા, ચમલારી, જન્મોત્રી, ગંગોત્રી.

નદીઓ—ગંગા, બ્રહ્મપુત્રા, સિંધુ, જમના, ગોદાવરી, કૃષ્ણા, સતલજ, નર્મદા, તાપી, કાવેરી, સાબરમતી, મહી, મહા.

સમુદ્ર—અરબી, બંગાળી

અખાત—ખંભાત, કચ્છ,=ઉપસાગર—બંગાળી.

ભૂશીર—કંન્યાકુમારી, રાશમુરારી, જગતપોઇંટ, કેપરામાસ, દીવ, પોઇંટપાલમૈરા.

સામુદ્રધુનિ—પાકની=દ્વીપકલ્પ—કાઠિઆવાડ.

બેટ—અંદમાન, નિકોબાર, માલદીવ, લક્ષદીવ, દીવ, સાષ્ટી, મુંબાઇ.

સરોવર—સાંભર, પુલીકટ, કોલર, ચીલકા.

હવા ખાવાની જગ્યાઓ—માથરાઇન, મહાબળેશ્વર, સીમલા, મરી, દારજીલીંગ, આબુ, ઉતકમંડ, દીંદીગલ, દોદોબેટા.

દેશમાં આવવા જવાના રસ્તા—ખૈબરઘાટ, બોલનઘાટ ને હિમાલયમાં આવેલા કેટલાએક પહાડી રસ્તાઓ.

પશ્ચિમ કંઠાનાં બંદર—કરાંચી, મુંબાઇ, કારવાડ.

પૂર્વ કાંઠાનાં બંદર—કલકત્તા, જગન્નાથપુરી, મછલીપટ્ટણ, મદ્રાસ, પાંદીચેરી, કારીકલ.

જાત્રાનાં સ્થળો—બદ્રીનાથ, ગોકુળ, મથુરા, શ્રીનાથજી, દ્વા-

રકાં, કાસી, જગન્નાથપુરી, રામેશ્વર, અંબાજી, પાલીતાણા, અમૃતસર, ગીરનાર, ઉદવાડા, ખાજાપીર.

છાવણીઓ—મુંબાઇ, પુના, અમદાવાદ, વડોદરા, મદ્રાસ, સિકંદરાબાદ, કામ્પટી, નસીરાબાદ, લાહોર, કલકત્તા.

મુખ્ય દેશી રાજ્યો.

મરેઠી રાજ્ય—વડોદરા, ગ્વાલીઓર, ઇંદોર, ત્રાવણકોર, કોલ્હાપુર, સાવંતવાડી, કોચીન.

મુસલમાની રાજ્ય—નિઝામ, હૈદરાબાદ, ભોપાળ, હાક, બાવલપૂર, ખૈરપુર, ખંભાત વિગેરે.

રજપૂત રાજ્યો—ઉદેપૂર, જોધપૂર, કાસ્મીર, મહીસુર વિગેરે.

શીખ લોકનાં રાજ્ય—પંત્યાલા, ઝીંદ, નભા, કપરથલા વિગેરે.

સ્વતંત્ર દેશીરાજ્યો—નેપાળ, ભૂતાન,

પરદેશી સ્વતંત્ર રાજ્યો—પોર્તુગીજ અને ફ્રેંચનાં.

રાજકીય ભાગ.

(૧) મુંબઇ ઇલાકો, (૨) મદ્રાસ ઇલાકો, (૩) મહિસુર ને કુર્ગ, (૪) વરાડ સહિત હૈદરાબાદ, (૫) મધ્ય પ્રાંત, (૬) મધ્યહિંદ એજન્સી, (૭) રજપૂત સંસ્થાન, (૮) પંજાબ, (૯) વાવ્ય પ્રાંત, (૧૦) અયોધ્યા, (૧૧) બંગાળા ઇલાકો, (૧૨) આસામ, (૧૩) સ્વતંત્ર પહાડી રાજ્ય, (૧૪) પોર્તુગીજ ને ફ્રચનાં સંસ્થાન.

ઉપરના ભાગનાં અનુક્રમે મુખ્ય શેહેરો—મુંબાઇ, મદ્રા-

સ, મહિસુર, હૈદરાબાદ, નાગપૂર, ગ્વાલીઆર, ઉદેપૂર, લાહોર, અલ-હાબાદ, લખનોર, કલકત્તા, ગૌહતી, ખટમંડુ, ગોવા, પાંદીચેરી.

વીષેશ હકીકત—કચ્છના, મનારના, અખાતમાંથી તથા કોરોમાડેલ કાંઠા ઉપર મોતી પાકેછે. મહિસુરના સંસ્થાનમાં ખુનદાણા, એલચી, તેજાના પુષ્કળ થાયછે. ત્યાંના જગલમાં હાથોઓ થાયછે. વર્ધાનદો પાસેના પ્રદેશગાં કોયલાની ખાણો છે. મારવાડમાં ઊંટ, બળદ, ઘેટાં, વિગેરે સારાં થાયછે, રણમાં ઊંટથી જમીન ખેડેછે. કાતરણીનું કામ તથા ઘણાં વરસ ચાલે તેવી કલાઈ થાયછે. પજાબમાં ઉચી જાતનુ ઉન, સાલો ઉનનું કાપડ, સુતરાઉ કાપડ, જરીકામ, સોનારૂપાની કારીગરી તથા જવાહીરનુ કામ સારૂ થાયછે. વાયવ્ય પ્રાંતમાં લોઢાની તથા સુરાખારની ખાણો, ઇમારતી લાકડાં, ચા, અને દેવદારને માટે પ્રખ્યાતછે. બંગાળા ઇલાકાના પર્વતોમાંથી સ્લેટના પથ્થર નીકળેછે. રાણીગંજ પાસે લોઢાની ખાણોછે. આસામની ભેંસો વખણાયછે. નેપાલના લોક ગુરખા કહેવાયછે.

ઉંચપ્રદેશ—ઇરાનનો, દક્ષિણહિંદનો, ગોબીનું રણ, તાતરનો, ટિબેટનો, અરબસ્તાન, આર્મીનિયા.

મેદાન—સૈબિરીઆનું, મોંગોલીઆનું, આરલ સમુદ્રની આસપાસનો મૂલક, પંજાબનું, યુફ્રેતિસ અને તૈગ્રિસ નદી વચ્ચેનું મેદાન, ચીનનો મધ્ય ભાગ, દક્ષિણ હિંદુસ્તાન.

ધોધ—પશ્ચિમ ઘાટમાં ગૈર્સપ્પા, કોઇબતુરમાં કાવેરી નદીનો ધોધ.

સમાપ્ત.

ભાગ ૩ જો.

યુરોપ ખંડ.

સામાન્ય વર્ણન.

હદ.

ઉત્તર—ઉત્તર મહાસાગર, પશ્ચિમે આટ્લાંટિક મહાસાગર, દક્ષિણે ભૂમધ્ય સમુદ્ર, આર્કિપેલેગો સમુદ્ર, માર્મોરા સમુદ્ર, કાળો સમુદ્ર, અને કાકેસસ પર્વત, અને પૂર્વે કાસ્પિઅન સમુદ્ર, યુરલ નદી ને યુરલ પર્વત છે.

દેશ—(૧) ગ્રેટબ્રિટન અને આયર્લાંડ, (૨) ફ્રાન્સ, (૩) સ્પેન, (૪) પોર્તુગાલ, (૫) બેલ્જિયમ, (૬) હોલાંડ અથવા નેર્ધર્લાંડ, (૭) જર્મનિ, (૮) ડેનમાર્ક (૯) સ્વીડન અને નોર્વે, (૧૦) યુરોપી રૂશિઆ, (૧૧) આસ્ત્રિઆ અને હંગરિ, (૧૨) સ્વિતઝરલાંડ, (૧૩) ઈટાલિ, (૧૪) યુરોપી તુર્કસ્તાન, (૧૫) ગ્રીસ.

પર્વત—ચિવિઅટ પહાડ, સ્કાફેલ, સ્નોડન, બેન્નેવિસ, પિરીનીઝ, આલ્પ્સ, કોલન, કાકેસસ, યુરલ, કાર્પેથિઅન, મોંબ્લાં, આપીનેન્સ, વિસુવિયસ, એટના, હેકલા, બાલ્કન, ઓલિમ્પસ, પારનાસસ, આસ્પિઅન.

મહાસાગર—ઉત્તર મહાસાગર, આટ્લાંટિક મહાસાગર.

સમુદ્ર—શ્વેતસમુદ્ર, બાલટિક સમુદ્ર, ઉત્તર સમુદ્ર, (જર્મન સ-

મુદ્ર) ભૂમધ્ય સમુદ્ર, આદ્રીઆટિક સમુદ્ર, આર્કિપેલેગો, મારમોરા સમુદ્ર, કાળો સમુદ્ર, આઝોફ સમુદ્ર, આઇરિશ સમુદ્ર, નાર્થચાનલ, સેંતજ્યાર્જિસ ચાનલ, ઇંગ્લિસ ચાનલ, કાસ્પિઅન.

અખાત—સાલ્વેફર્થ, મોરીકાંબી, બ્રિસ્ટલ ચાનલ, કાર્દીગન, વાશ, ફોર્થ, ટે, મોરે, ક્લૈદ, સોલ્વે, ડોનીગલ, સ્લેગો, ગાલવે, બેલ્ફાસ્ટ, ફોઇલ, લેઓન્સ, લિમ્ફયોર્દ, બોથનિઆ, ફિન્લાંદ, રૈગા, પેરાકાપ, વેનિસ, ટારન્ટો, જીનોઆ, સાલોનિકિ, પત્રાસ, લીપાંતો (કોરિંથ) ઇજિના.

ઉપસાગર—બિસ્કેનો, આર્ખેંજલ, ઓનીગા.

નદીઓ.

સમુદ્રને મળનારી નદીઓ. તે નીચે મુજબ.

શ્વેત સમુદ્રને—વાધ્વીના.

બાલ્ટિક સમુદ્રને—વિસ્ટુલા, ઓડર.

જર્મન સમુદ્રને—હેમ્સ, હવીદ, ફોર્થ, હે, દી, સ્પે, નેસ, મ્યુસ, (મઉસ) શેલ્ટ, રહાઇન, એલ્બ, વીસર.

ભુમધ્ય સમુદ્રને—ઇબ્રો, આર્નો, તેબર.

આદ્રિઆટિક સમુદ્રને—પો, આદિજ.

કાળા સમુદ્રને—ડાન્યુબ, નિપર.

આઝોફ સમુદ્રને—ડોન.

આઇરિસ સમુદ્રને—મર્સી, બાર્ટન, લિફી, સીના.

ઇંગ્લિસ ચાનલને—સીન.

કાસ્પિઅન સમુદ્રને—વોલગા, યુરલ.
લૈચોન્સ અખાતને—રહોન.
બિસ્કેના ઉપસાગરને—ગારોન, લુગ્ગોર.
ડાન્યુબ નદીને—ઇન, ડેવ, થીસ, સેવ, પ્રુથ.
આટ્લાંટિક મહાસાગરને—શાનન, ટેગસ, ડુરો.

નદીઓ વિષે હકીકત.

ટેમ્સ—ઇંગ્લાંડની દક્ષિણેછે તે જર્મન સમુદ્રને મળેછે. તેના ઉપર લંડન શેહેરછે.

શાનન—કેટલાંક સરોવરોમાં થઇને આટ્લાંટિક મહાસાગરને મળેછે તેના ઉપર લિમરિકછે.

સીન—ઇંગ્લીસચાનલને મળેછે. તેને કાંઠે પારિસછે.

ડુરો—આટ્લાંટિક મહાસાગરને મળેછે તેને કાંઠે ઓપોર્ટોછે.

ટેગસ—આટ્લાંટિક મહાસાગરને મળેછે. તેને કાંઠે ટોલાડોછે.

ઇબ્રો—ભૂમધ્ય સમુદ્રને મળેછે તેને કાંઠે સારાગોસાછે.

મ્યુસ (મૌસ)—જર્મન સમુદ્રને મળેછે. તેના ઉપર રોટર્ડામછે.

વિસ્ટ્યુલા—બાલ્ટિક સમુદ્રને મળેછે તેને કાંઠે ડાન્તઝિગ છે.

રહાઇન—જર્મન સમુદ્રને મળેછે. તેના ઉપર સ્ટ્રારબર્ગ. કોલોનછે.

ડાન્યુબ—જર્મનિની દક્ષિણે વર્ટેમ્બર્ગ બાવેરિઆ સંસ્થાનને આસ્ત્રિઆમાં થઇને કાળા સમુદ્રને મળેછે. વિયેના, પ્રેસ્બર્ગ, બ્યુડા, (ઓફેન), પ્રેસ્થ, બેલગ્રેડ વિગેરે.

દ્વીના—શ્વેત સમુદ્રને મળેછે. તેને કાંઠે આર્ખેન્જલ છે.

વોલ્ગા—કારિપઆન સમુદ્રને મળેછે. તેને કાંઠે આસ્ત્રાખાન છે.

યુરલ—યુરલ પર્વતમાંથી નીકળી કારિપઆન સમુદ્રને મળેછે.

રહોન—લૈયોન્સ અખાતને મળેછે તેને કાંઠે લૈયોન્સ, જીનીવા.

તેબર—ભૂમધ્ય સમુદ્રને મળેછે તેને કાંઠે રોમછે.

ભુશીરો—લાન્ડ્સએન્ડ, લીઝર્ડ, સ્ટાર્ટ, બિચીહેડ, સ્પર્નહેડ, ફલાંબરોહેડ, હોલીહેડ, દનેટહેદ, ગાલોવેનોગલ, કલીઅર, માલીનહેદ, ફેરહેદ, લાહોગ, બારફ્લુર, ઓર્ટિગલ, ફિનીસ્તેર, ટ્રફાલ્ગર, ફ્રૂઝ, ટરિફા, સેંડવિન્સેંટ, સાંતામોરીયા, રોકા, નોર્દકિન, ઉત્તર ભૂશીર, નેઝ, સ્પાર્તિવેન્તો, પાસ્મારો, ગાતાપાન, વિગેરે.

બેટ—માન, આંગ્લસી, વાઇટ, જર્સી, ગર્નસી, આલ્ડર્ની, સાર્ક, આર્કની સૈટલાંડ, હેબ્રિડીસ (પશ્ચિમ દ્વીપ), રાથલીનકલેર, આરાન, વાલેન્સીઆ, કાર્સિકા, હિરીઝ, અશંટ, બલીઆરીટાપુઓ, કાનેરી, આઝોર્સ, મદીરા, કેપવર્દ, વાલ્કેરન, ટેક્સલ, ઝીલાંદ, રૂગેન, ફ્યુનેન, લાલાંદ, એૈસલાંદ, ફેરો, માજીરો, લોફોદન, રિપટ્સ્બર્ગેન, નોવાજેમ્બ્લા, સિસિલી, સાર્દિનીયા, એલ્બા, માલ્તા, ગોઝો, ક્રિત (કાંદિઆ), લેમનોસ, આયોનીયન, નીગ્રોપોંટ, સેકલેદીસ, ગોયલાંદ, ઓલાંદ વિગેરે.

દ્વીપકલ્પ—સ્પેન, પોર્તુગાલ, ઇટાલી, ડેન્માર્ગ ક્રિમીયા, સ્કાંદિનેવિઆ.

સંયોગીભૂમી—કોરિંથ.

સામુદ્રધુની—મનાઇ, દોવર, જીબ્રાલટર, (હરકયુંલીસનારથંભ), સૌન્દ, ગ્રેટબેલ્ટ, લીટલબેલ્ટ, કાટીગાટ, સ્કાગરાક, કટક, ઓત્રાંતો, મેસીના, બોનીફેસીયો, દાર્દનલ્સ, (હેલેસ્પોંટ), બાસફરસ.

સરોવર—ડરવેન્ટવાટર, અલ્સવાટર, વિન્દર્મીર, લાફલોગાન્દ, લાફસીન, લાફમારી, લાફનેસ, લાફઆવી, લાફર્ટે, નિઆ, અર્ન, ગારક, કારિબરી, દર્ગ, કિલાર્ની, વેનર, વેટર, મીલર, લાદોગા, ઓનીગા, ઇલ્મેન, બાલેતનસી, ન્યુસીડલસી, કોન્સ્ટન્સ, જિનીવા, ગાર્દા, કોમો, માજિઓરી વિગેરે.

—:-*-:—

ભાગ ચોથો.

દેશાવર વર્ણન.

(૧) ગ્રેટબ્રિટન ને આયર્લાંદ.

(૧) ઈંગ્લાંદ.

સીમા—ઉત્તર ચિવિઅટ પહાડની પેલેમેર સ્કાટલાંડ, પૂર્વ ઉત્તર સમુદ્ર (જર્મનસમુદ્ર), દક્ષિણે ઈંગ્લીસચાનલ, પશ્ચિમે સેંન્ટજાર્જિસ ચાનલ, ઐરીશ સમુદ્ર.

ભાગ—ઇંગ્લાંડ, વેલ્સ.

પરગણાં—ઇંગ્લાંડમાં ૪૦ ને વેલ્સમાં ૧૨ છે.

પર્વત—ચિવિઅટ પહાડ, સ્કાફેલ, સ્નોડન.

નદીઓ—ટેમ્સ, સેવર્ન, મર્સી, ટાઇન, ટ્રેન્ટ, હમ્બર, આઉસ, ડી, વાઇ વિગેરે.

સરોવર—ડરવેંન્ટ વાટર, અલ્સવાટૅર, વિન્ડમીર.

બેટ—માન, આંગલસી, વાઈટ, જર્સી, ગર્નસી આલડર્ની, સાર્ક.

ભૂશીરો—લાન્ડ્સએન્ડ, લીઝર્ડ, સ્ટાર્ટ, બીચીહેડ, સ્પર્નહેડ, ફ્લાંબરોહેડ, હોલીહેડ.

સામુદ્રધુની—મનાઇ, દોવર.

અખાત—સાલ્વેફ્ર્થ, મોરીકાંબી, બ્રિસ્ટલચાનલ, કાર્દિગન, વાસ.

શેહેર.

લંડન—રાજધાનીનું શેહેર ટેમ્સ નદી ઉપર છે. તે આખી દુનિયામાં મોટામાં મોટું શહેરછે

લીવર્પૂલ—મર્સી નદી ઉપર મોટું બંદરછે.

માન્ચેસ્ટર—સુતર તથા કાપડનાં કારખાનાંને માટે પ્રખ્યાતછે.

ન્યુકાસ્ટલ—ટાઈન નદી ઉપરછે. તેની પાસે કોયલાની ખાણો પ્રખ્યાત છે.

બર્મિંગહામ—લોઢાનાં હથિઆર સારાં થાયછે.

સેફીલ્ડ—લોઢાનાં હથિઆર સારાં થાયછે.

લીડ્સ—ઉનની જણુસો બનાવવાનાં કારખાનાંછે.

નોર્ટિંગહામ—કોર અને મોજાં સારાં થાયછે.

બ્રિસ્ટલ—મોટું બંદરછે.

હલ—બંદરછે.

ઓકસફર્ડ—યુનિવર્સીટીને માટે પ્રખ્યાતછે.

કેમ્બ્રીજ—યુનિવર્સીટીને માટે પ્રખ્યાતછે.

કાન્ટર્બરી—ધર્માધ્યક્ષો રહેછે.

યાર્ક—ધર્માધ્યક્ષો રહેછે.

પોર્તસમથ—ઇંગ્લાંડની નૌકાસૈન્યનું સ્થળછે.

પ્લીમથ—ઇંગ્લાંડની નૌકાસૈન્યનું સ્થળછે.

બીજાં શેહેર—દોવર, બ્રૈટન, સૌધામ્પટણ, વુલવર્હામ્પટન, કાર્લૈલ, સંદર્લાંડ, બ્રાદફોર્ડ.

વેલ્સનાં મુખ્ય શેહેર—કાર્દિફ—બંદરછે.

સ્વાન્સી—બંદર છે.

મર્થિરતિદવીલ—મોટામાં મોટું શેહેર છે.

મીલફોર્ડહેવન—નૌકાસૈન્ય સહિસલામત રહી શકે છે.

વિષેશ હકીકત—ઇંગ્લાંડમાં કલાઇ, કોયલા, ઉન, રનુકાપડ, લોઢાનો સામાન, કાગળ, કાચ, યત્રો વિગેરે સારાં થાયછે.

(૨) સ્કાટલાંડ.

સીમા—ઉત્તર તથા પશ્ચિમે આટ્લાંટિક માહાસાગર, પૂર્વે જર્મન સમુદ્ર, દક્ષિણે ચિવિઅટ પહાડની પેલેમેર ઇંગ્લાંડછે.

પરગણાં—સ્કાટલાંડમાં ૩૩ પરગણાંછે.

પર્વત—બેન્નેવીસ એ ગ્રામ્પીઅન પર્વતની હારમાંછે.

નદીઓ—ટવીદન, ફોર્થ, ટે, દિ, સ્પે, નેસ, કલૈદ, નિથ.

સરોવર—લાકલોમોન્દ, લાકસીન, લાકમારી, લાકનેસ, લાકઆવી, લાકટે.

બેટ—આર્કની, શેટ્લાંડ, હેબ્રિદીશ (પશ્ચિમદ્વીપ) વિગેરે.

ભૂશીરો—દનેટહેદ—ગાલાવેનોમલ.

અખાત—ફોર્થ, ટે, મોરે, કલૈદ, સોલ્વે.

શહેર.

એડીનબરો—રાજધાનીછે.

ગ્લાસગો—મોટાઓમાં મોટું નગરછે. ને તેમાં સુતરાઉ કાપડ, વાણુ, એન્જીન, વગેરે યંત્રો બનાવવાનાં કારખાનાંછે.

આબર્ડીન—સણનું કાપડ સારૂં બનેછે.

દંડી—સણનું કાપડ સારૂ બનેછે.

ગ્રીનાક—મોટું બંદરછે.

લિન—બંદરછે.

પર્થ—ઘણી જાતનો માલ બનેછે.

પેસ્લી—ઘણી જાતનો માલ બનેછે.

બીજાં શેહેર—શેન્ત, આંદ્રુસ, ડંફ્રીસ, ફાલ્કર્ક સ્ટર્લીંગ.

વિષેશ હકીકત—સ્કાટલાંડ સુંદર સરોવરને માટે પ્રખ્યાતછે. તેનો ઉત્તર ને મધ્યમ ભાગ પહાડીછે. આબર્દીન, એડીનબરો, સેંત આંદ્રુસ ને ગ્લાસગોમાં યુનિવર્સીટીઓછે તેમાં કોયલા, રૂનું કાપડ, લોઢાનો સામાન, યંત્રો, કાગળ, કલાઈ, વિગેરે થાય છે.

(૩) આયર્લાંડ. (લીલો ટાપુ).

સીમા—ઉત્તર તથા પશ્ચિમે આટ્લાંટિક મહાસાગર, પૂર્વે ઐરિશ સમુદ્ર, દક્ષિણે સેંતજાર્જિસ ચાનલ.

ભાગ—અલ્સ્ટર, લીન્સ્ટર, મનસ્ટર, કાનોટ.

પરગણાં—૩૨ છે.

પર્વત—મોર્ન, વિક્લો.

નદીઓ—ફોઇલ, બાન, લિફી, બાઇન, સ્લેના, સુઅર, લી, શાનન.

સરોવર—નિઆ, અર્ન, માસ્ક, કારિબ, રી, દર્ગ, કિલાર્નો ઈત્યાદી.

બેટ—રાથલીન, કલેર, આરાન, વાલેન્સીયા.

ભુશીરો—કલીઅર, માલીનહેદ, ફેરહેદ, ઇ૦

અખાત—ડોનિગલ, સ્લૈગો, ગાલવે, બેલ્ફાસ્ટ, ફોઇલ. ઇ૦

શેહેર.

ડબ્લીન—રાજધાની લીફી નદી ઉપર છે ને તેમાં એક યુનિવર્સીટી છે.

કિંગ્સટાઉન—બંદર છે.

બેલ્ફાસ્ટ—સણનું કાપડ સારૂ બને છે.

બીજાં શેહેરો—વાટર્ફોર્ડ, કાર્ક, ક્વિન્સટાઉન, લિમરિક, લંડનદરી ઇત્યાદી.

વિશેષ હકીકત—આયર્લાંડ ખેતી અને ખનીજમાં ઘણો ચઢીઆતો નથી પણ શાક ભાજીને માટે પ્રખ્યાત છે તેમાં વરસાદ બહુ વરસે છે ને ત્યાંના ખેતરોમાં હમેશાં લીલોતરી રહે છે એ દેશને તેને માટે કોઇ કોઇ વાર લીલો ટાપુ કહે છે.

(૨) ફ્રાન્સ.

સીમા—ઉત્તરે ઇંગ્લીસ ચાનલ તથા બેલૂજિયમ, પૂર્વે જર્મની, સ્વીત્ઝર્લાંડને ઇટાલીનો થોડો ભાગ, દક્ષિણે લૈઓન્સ અખાત તથા પિરીનીઝ પર્વતની પેલીમેર સ્પેન, પશ્ચિમે બીસ્કેનો ઉપસાગર.

પરગણાં—૮૭ છે.

પર્વત—પિરીનીઝ, આલ્પસ.

નદીઓ—સીન, લુઓર, ગારોન, રહોન.

બેટ—કાર્સિકા, હીરીઝ, અશાંટ.

અખાત—લૈઓન્સ.

ઉપસાગર—બિસ્કેનો.

ભૂશીર—લોહોગ, બાર્ફ્લુર.

શેહેર.

પારિસ—સીન નદી ઉપર રાજધાની છે ને આખી દુનિયામાં સર્વથી સુંદર શેહેર છે.

રૂએન—વેપાર તથા કારખાનાને માટે પ્રખ્યાતછે.

લાઇલ—વેપાર તથા કારખાનાને માટે પ્રખ્યાત છે.

ટુલુસ—વેપાર તથા કારખાનાને માટે પ્રખ્યાત છે.

સ્બર્ગ—આટલાંટિક મહાસાગર ઉપર નૌકાસૈન્યનનું ઠેકાણુંછે.

બ્રેસ્ટ—આટ્લાંટિક મહાસાગર ઉપર નૌકાસૈન્યનું ઠેકાણું છે.

નાન્ટસ—લુઓર નદીને કાંઠે વેપારનું સ્થળછે.

બોર્ડો—ગારોન નદીને કાંઠે વેપારનું સ્થળ છે તેમાં દ્રાક્ષનો દારૂ સારો થાય છે તે પરદેશ ખાતે મોકલવામાં આવે છે.

લૈઓન્સ—રહોન અને સોન નદીઓના સંગમ ઉપર ફ્રાન્સ-માં બીજા નંબરનું શેહેરછે. તેમાં રેશમના વણાટનાં કારખાનાંછે.

મારસેલ્સ અને તુલોન—બંદર છે.

વિશેષ હકિકત—લોક ઘણાં હોંશિઆર અને ઉદ્યોગી છે.

આખી દુનિયામાં રસાળ અને બળવાન દેશ એ છે. ફ્રેન્ચ લોકો હુનર અને વિદ્યામાં કુશળ છે. દ્રાક્ષનો દારૂ, રેશમી, સણનું, અને ઉનનું કાપડ, કોર, કાચ, મેવા, આભૂષણ, વિગેરે.

(૩) સ્પેન.

સીમા—ઉત્તરે પિરીનીઝ પર્વતની પેલીમેર ફ્રાન્સ અને બિસ્કેનો ઉપસાગર, પૂર્વે ભૂમધ્ય સમુદ્ર, દક્ષિણે ભૂમધ્ય સમુદ્ર અને જીબ્રાલ્ટરની સામુદ્રધુની, પશ્ચિમે પોર્તુગાલ અને આટલાંટિક મહાસાગર છે.

પરગણાં—૪૯ છે.

પર્વત—પિરીનીઝ.

નદીઓ—દુરો, ટેગસ, ઇબ્રો.

બેટ—બલીઆરી ટાપૂઓ (માજોર્કા, મીનાર્કા, એવિઝા, ફ્રામેન્ટેરા) કાનેરી ૭૦

સામુદ્રધુની—જીબ્રાલ્ટર.

ભૂશીરો—ઓર્ટિગલ, ફિનીસ્ટેર, ટ્રફાલ્ગર, કુઝ, ટરિફા.

શાહેર.

માદ્રિદ—માંજનરીઝ નદીને કાંઠે રાજધાનીછે.

ટોલીડો—ટેગસનદી ઉપરછે.

સાલામાંકા—યુનિવર્સીટીને માટે પ્રખ્યાત છે.

સારાગોસા—ઇબ્રોનદી ઉપરછે.

જીબ્રાલ્ટર—મોટો કિલ્લો જીબ્રાલ્ટરની સામુદ્રધુની ઉપર છે. એ ઇંગ્રેજને તાબેછે.

બીજાં શહેર—સેવિલ, ગ્રાનેડા, બારસિલોના, વાલેન્સિઆ, કેડિઝ, કોરના.

વિષેશ હકીકત—લોકો આળસુછે. યુરોપમાં તેનો ભારબોજ નથી. સ્પાનિસ ભાષા બોલેછે. ધાન્ય, ઘોડા, તલવારનાં પાનાં, ચામડાં, રેશમ, ઉન, દ્રાક્ષનો દારૂ, બદામ, નારંગી ને બીજો મેવો થાયછે. સ્પેનમાં ખનિજો વધારેછે ટરિફા એ યૂરોપનું દક્ષિણબિંદુ છે.

(૪) પોર્ટુગાલ.

સીમા—ઉત્તરે તથા પૂર્વે સ્પેન, દક્ષિણે તથા પશ્ચિમે આટલાંટિક મહાસાગર.

પરગણાં—૧૦ છે.

નદીઓ—ડુરો, ટેગસ.

બેટ—આઝોર્સ, મદીરા, કેપવર્દ.

ભૂશીરો—શેંટવિન્સેંટ, સાંતામોરીયા, રોકા.

શહેર.

લીસ્બોન—રાજધાની ટેગસ નદીના ઉપરછે.

ઓપોર્ટો—ડુરો નદી ઉપર છે એમાં દ્રાક્ષનો દારૂ સારો વખણાય છે.

કોઇંબ્રા—યુનિવર્સીટીછે.

વિષેશ હકીકત—રોકા એ યુરોપનું છેક પશ્ચિમ બિંદુ છે. પોર્તુગાલના પર્વતમાંથી ખનિજ નીકળે છે. લોકો ઉદ્યોગી છે. પોર્તુગીઝ ભાષા બોલે છે તેમનાપર રાજાનો અમલ છે દ્રાક્ષનો દારૂ, ઉન, બદામ, નારંગી, મેવો, રેશમી કાપડ ઇત્યાદી.

(૫) બેલ્જિયમ.

સીમા—ઉત્તરે હોલાંડ, પૂર્વે જર્મનિ, દક્ષિણે ફ્રાન્સ, પશ્ચિમે ઇંગ્લીસચ્યાનલ અને ફ્રાન્સનો થોડો ભાગ.

પરગણાં—૯ છે.

નદીઓ—મ્યુસ (મઉસ) શેલ્ટ.

શેહેર.

બ્રસેલ્સ—સેન્ન નદીને કાંઠે. ફેર, ફીત, સેતરંજીના વણાટને માટે પ્રખ્યાત છે.

આન્ટવર્પ—શેલ્ટ નદી ઉપર વેપારનું સ્થળ છે.

માલીન્સ—ફેર અને શણના કાપડને માટે પ્રખ્યાત છે.

ઘેન્ટ—લીસ અને શેલ્ટ નદીઓના સંગમ ઉપર છે તેમાં હુન્નરનાં કારખાનાં છે.

લીએજ—લુહાર કામ તથા ઘડિઆળો બને છે.

ઓસ્તેંડ—બંદર છે.

વિષેશ હકિકત—બેલ્જિયમ, ફેર, ફીત, અને બીજા વણાટના કારખાનાંને માટે પ્રખ્યાત છે. તેમાં કોયલાની ને લોઢાની ખાણો છે ખેતી સારી થાય છે. વસ્તી ઘાટી છે તેમના ઉપર રાજાનો અમલ છે.

(૬) હોલાંડ અથવા નેધર્લાંડ.

સીમા—ઉત્તરે જર્મન સમુદ્ર, પૂર્વે જર્મનિ, દક્ષિણે બેલ્જિયમ,

પશ્ચિમે ઇંગ્લીસ ચાનલ તથા જર્મન સમુદ્રનો થોડો ભાગ.

પરગણાં—૧૧ છે.

નદીઓ—મ્યુસ, રહાઇન, શેલ્ટ.

બેટ—વાંનકેરન, ટેક્સલ.

શેહેર.

આમ્સ્ટરડામ—વાઇન નદી ઉપર રાજધાની છે તથા વેપારનું સ્થળ છે.

રોટર્ડામ—મ્યુસ નદી ઉપર વેપારની જગ્યા છે.

હેગ—સરકારી મૂખ્ય કચેરી છે.

લેડન—હેગ પાસે શેહેર છે.

લેદન, યુટ્રેકટ, ગ્રોનિગંન,—એ ત્રણે યુનિવર્સી માટે પ્રખ્યાત છે.

વિશેષ હકીકત.—હોલાંડનો રાજા બેલજિયમની દક્ષિણે અને ફ્રાન્સ તથા જર્મનિની વચ્ચે આવેલા લુકસેમ્બર્ગ પરગણાનો ઠાકોરછે. ભરતીનું પાણી દેશપર ફરી વળતું અટકાવવાને માટે બાંધ કામ કર્યુંછે. માલ વગેરે લઇ જવાને માટે નેહેરો કરેલી છે લોકો ઉદ્યોગી ને હોશિઆર છે. બાગબગીચા તથા ખેતીના કામમાં હોશિઆર ને બહાદુર વહાણવટી છે. ચિત્ર વિદ્યા હુન્નરને યંત્ર શાસ્ત્રમાં કુશળ છે. માછલાં પકડવાને માટે લોકો વહાણો લઇને દરિયામાં ફરે છે.

(૭) જર્મનિ.

સીમા—ઉત્તરે જર્મન સમુદ્ર, ડેન્માર્ક, અને બાલ્ટિક સમુદ્ર,

પૂર્વે રૂશિઆ, દક્ષિણે ઓસ્ત્રિઆ અને સ્વિત્ઝર્લાંડ, પશ્ચિમે ફ્રાન્સ, બેલ્જિયમને હોલાંદ.

ભાગ (૧) પ્રુશિઆ, (૨) સાકસનિ, (૩) બાવેરિઆ, (૪) વર્ટેમ્બર્ગ.

સંસ્થાન—૧૫ છે ને ત્રણ સ્વતંત્ર શેહેરો છે.

નદીઓ—વિસ્ટૂલા, ઓડર, એલ્બ, વીસર, રહાઇન, ડાન્યુબ.

બેટ—રૂગેન.

શેહેર.

ડાન્ત્ઝિગ—વિસ્ટૂલા નદી ઉપર અનાજના વેપારનું મોટું ઠેકાણું છે.

બ્રેસ્લા, ફ્રાન્કફોર્ટ, સ્ટેટીન—એ ત્રણ ઓડર નદી ઉપરછે.

બર્લીન—સ્પીનદીને કાંઠે જર્મનિની રાજધાની છે. તેમાં યુનિવર્સીટી છે.

ડ્રેસ્ડન—સાકસનિની રાજધાની એલ્બ નદી ઉપર છે.

માગદીબર્ગ—મજબૂત કિલ્લો એલ્બ નદી ઉપર છે.

હામ્બર્ગ—એલ્બ નદી ઉપર સ્વતંત્ર શેહેરછે.

આલ્ટોના—એલ્બ નદી ઉપરછે.

બ્રેમેન—વીસર નદીને કાંઠે સ્વતંત્ર શેહેરછે.

ફ્રાન્કફોર્ટ—મેઇન નદીને કાંઠેછે.

સ્ટ્રાસ્બર્ગ અને કોલોન—રહાઇન નદી ઉપરછે.

મેટ્ઝ—માંઝેલ નદીને કાંઠેછે.

લીપઝિક, હાલ, ગોટિંગન, મ્યુનિચ,—એ ચાર શેહેરો-

માં યુનીવર્સીટી છે.

કીલ, હ્યુબેગ,—સ્વતંત્ર શેહેર ટ્રેવ નદી ઉપરછે.

સ્ટાલ્સેન્દ, કોનિગ્સીબર્ગ—બાલ્ટિક સમુદ્રને કાંઠે બંદર છે.

વિષેશ હકીકત—ભૂમિરસાળછે. ખનિજો પુષ્કળ નીકળેછે લોકો ઉદ્યોગી, હુન્નર તથા લડાઈના કામમાં પ્રખ્યાતછે. યુરોપખંડમાંનાં અતિ બળવાન રાજ્યોમાંનું જર્મનિછે. પ્રુશિઆના મહારાજને જર્મનિના બીજા રાજાઓએ પોતાનો ઉપરી નીમ્યોછે. શણુ, ઉન, ઈમારતી લાકડુ, તમાકુ, જસત, મદીરા, કેરોસીન તેલ, વિગેરે થાયછે અને પ્રુશિઆને કિનારે અમ્બર જડેછે, જર્મનિમાં કિંમતી માલ પુષ્કળ થાયછે તેમાં શણુનાં, ઉનનાં, ને હીરાગળ કાપડ, યંત્રો, ચીનાઈ વાસણુ, સુગંધીવાળા પદાર્થો ને વાજીંત્રો.

(૮) દેન્માર્ક.

સીમા—ઉત્તરે સ્કાગરાકની સામુદ્રધુની, પૂર્વે કાટેગાટ તથા બાલ્ટિક સમુદ્ર, દક્ષિણે જર્મનિ, પશ્ચિમે જર્મન સમુદ્ર.

પર્વત—હેક્લા એસલાંડમાં જ્વાળામૂખી પર્વતછે.

બેટ—ઝીલાંદ, ફ્યુનેન, લાલાંદ, ઐસલાંદ, ફેરો.

સામુદ્રધુનીઓ—સૌંદ, ગ્રેટબેલ્ટ, લીટલબેલ્ટ, કાટીગાટ, સ્કાગરાગ.

અખાત—લિમ્ફ્યોર્દ.

શેહેર.

કોપન્હેગન—રાજધાની ઝીલાંદ બેટમાં છે.

એલસીનોર—ઝીલાંદમાં છે.

વિષેશ હકીકત—દેન્માર્ક મોટો દ્વીપકલ્પ છે લોકો સ્વીડન અને નાર્વેના રહેવાશીઓને મળતા અને ભાષાને પણ મળતા છે તેમના ઉપર રાજાનો અમલ છે, ઉદ્યોગી તથા સારા વહાણવટી છે ધાન્ય અને ઢોર વધારે થાય છે.

(૯) સ્વીડન અને નોર્વે (સ્કાંડિનેવીઆ).

સીમા—ઉત્તરે ઉત્તર મહાસાગર, પૂર્વે બાલ્ટિક સમુદ્ર બોથનિઆ અખાત ને ફિનલાંડ છે, દક્ષિણે સ્કાગરાક, કાટીગાટ અને સૌંદની સામુદ્રધુની, પશ્ચિમે આટલાંટિક મહાસાગર ને ઉત્તર સમુદ્ર.

(૧) સ્વીડન.

પરગણાં—૩ છે.

બેટ—ગોથલાંડ, ઓલાંડ.

સરોવર—વેનર, વેટર, મીલર.

શહેર.

સ્ટાકહોમ—રાજધાની મીલર સરોવર ઉપરછે.

અપ્સલા—યુનિવર્સીટીને માટે પ્રખ્યાતછે.

ગોટબર્ગ—વેપારનું મથકછે.

કાર્લસ્કોના—નૌકાસૈન્યનું સ્થળછે.

(૨) નાર્વે.

પર્વત—કોલન.=પરગણાં—૬ છે.

બેટ—માજીરો, લોફોડન ઇત્યાદી.

ભૂશીરો—નોર્ડકિન, ઉત્તર ભૂશીર, તેઝ.

શાહેર.

ક્રિસ્ટિઆના—રાજધાનીછે.

બર્ગન—વેપારનું મથકછે.

હામરફેસ્ટ—એમાં ઉનાળામાં બે માસ સુધી સૂર્ય અસ્ત થતોજ નથી.

વિષેશ હકીકત—નોર્દકિન આખા યૂરોપ ખંડનું ઉત્તર બિંદુછે. લોકો ઉદ્યોગી ને હોંશિયારછે ને સારા વહાણવટી છે. લોઢુ, ખુનદાણા, રૂપુ, ધાન્ય, ઇમારતી લાકડુ, વીગેરે સ્વીડનની લોઢાની ખાણો આખી દુનિયામાં પંકાયેલી છે.

(૧૦) યૂરોપી રૂશિઆ.

સીમા—ઉત્તરે ઉત્તર મહાસાગર અને નોર્વે, પુર્વે કાસ્પિઅન સમુદ્ર, યુરલનદી, યુરલ પર્વતછે, દક્ષિણે કાળોસમુદ્ર અને કાકેસસ પર્વત, પશ્ચિમે બોથૂનિઆ આખાત, બાલ્ટિક સમુદ્ર, પ્રુશિયા, આસ્ત્રિયા ને મોલ્ડેવિઆછે.

પરગણા—૫૩ છે.

પર્વત—કાકેશશ, યુરલ છે.

નદીઓ—ડ્વીના, વિશ્ચુલા, નિપર, ડોન, વોલ્ગા અને યૂરલ છે.

બેટ—સ્પિટ્ઝબર્ગન, નોવાઝેમ્બલા.

સરોવરો—લાડોગા, ઓનીગા, ઇલ્મેન છે.

સામુદ્રધુનીઓ—કટેક.

અખાત—બોથૂનિઆ, ફિન્લાંડ, રૈગા, પેરીકાપ. ઈ.

ઉપસાગર—આર્ખેંજલ, ઓનીગા ૪.

શેહેર.

સેંટપીતર્સબર્ગ—હાલની રાજધાની નીવા નદી ઉપરછે તેને મહાન પીટરે સને ૧૭૦૩ માં વસાવ્યુ.

કોન્સ્ટાટ—મજબૂત કિલ્લોછે.

મોસ્કો—જુની રાજધાનીનું શેહેર મોસ્કવા નદી ઉપરછે.

વાર્સા—વિશ્ચુલા નદી ઉપર પોલાંડની રાજધાનીછે.

રૈગા—મોટું બંદર ડ્વીના નદી ઉપરછે તે રૈગા અખાતને મળેછે.

આર્ખેંજલ—મોટું બંદર ડ્વીના નદી ઉપરછે તે નદી શ્વેત સમુદ્રને મળેછે.

આસ્ત્રાખાન—વોલ્ગા નદી ઉપરછે.

ઓડેસ્સા—કાળા સમુદ્રને કાંઠે બંદર છે.

સેબાસ્ટપોલ—નૌકાસૈન્યનું ઠેકાણું ક્રિમીઆ દ્વીપકલ્પ ને કાંઠેછે.

વિશેશ હકીકત—કાકેશશ યુરોપમાં ઉંચામાં ઉચો પર્વતછે. યુરોપમાં મીઠામાં મીઠા પાણીનું સરોવર લાડોગાછે. ને કાસ્પીઅન આખી દુનિઆમાં ખારા પાણીનું સરોવર છે. લોકો બીજી પ્રજા જેટલા સુધરેલા નથી મોટા વિસ્તારને બળે કરીને તે બળવાન રાજ્ય ગણાય છે. પાદસાહને 'ઝાર કહેછે અને તેની મરજી મુજબ રાજકારભાર ચલાવેછે લોકોની ઘણી જાતોછે તેમાંની ઘણીક સ્લાવ

છે. ભાષા રૂશછે. ધાન્ય, સણુ, ભીંડી, ઇમારતી લાકડુ. ચરબી, તેલ, ઉન, ચામડાં, સલોમચર્મ, ભરત ભરવાનું લુગડું, દોરડાં, ડામર, પારદર્શક સરેસ ઇત્યાદી. રૂશિયામાં ખેતી અને ચારો સારો થાયછે પર્વતમાં ધાતુની ખાણોછે.

(૧૧) આસ્ટ્રિઆ અને હુંગરિ.

સીમા—ઉત્તરે રૂશિઆ અને જર્મની, પૂર્વે તુર્કસ્તાન ને રૂશિઆ, દક્ષિણે ઇટાલિ, આદ્રિઆટિક સમુદ્ર અને તુર્કસ્તાન પશ્ચિમે જર્મનિ, સ્વિતઝર્લાંડ અને ઇટાલિછે.

પરગણાં—આસ્ટ્રિઆનાં. ૧૭ છે ને હુંગરીનાં. ૫ છે.

પર્વત—આલ્પ્સ, કાર્પેથિઅન.

નદીઓ—ડાન્યુબ, ઇન, ડેવ, થીસ, સેવ ઇત્યાદી.

સરોવર—વાલેટનસી, ન્યુસીડલરસી ઇ.

શેહેર.

વિએના—ડાન્યુબ નદી ઉપર રાજધાનીનું શેહેરછે.

પ્રેસ્બર્ગ, બ્યુડા, (ઓફેન),—દાન્યુબ નદી ઉપરછે.

પ્રેસ્થ—હુંગરીની રાજધાનીછે. તે દાન્યુબ નદી ઉપરછે.

પ્રેગ—બોહીમિઆ પ્રાંતની રાજધાનીછે.

ઇન્સ્બ્રુક—તિરલ પ્રાંતમાં યુનિવર્સીટીને માટે પ્રખ્યાતછે.

ત્રિએસ્ત—આદ્રિઆટિક સમુદ્રને કાંઠે બંદરછે.

ડેબ્રેક્ઝિન—હુંગરીમાં હુનરી માલને માટે પ્રખ્યાતછે.

વિશેષ હકીકત—આસ્ટ્રિઆને હુંગરી મળી મોટું રાજ્ય થ-

એલુંછે. દેશ ઘણો પહાડીછે આસ્ટ્રિઆની રાજ સત્તાજર્મનોને હાથછે ને હંગરીની રાજસત્તા. મુગલ જાતના મગિઆર લોકના હાથમાંછે દેશમાં સ્કલેવોનિઅન લોકની વસ્તી ઘાડીછે. ધાન્ય, શણ, ધાતુ, ઓલીવનું તેલ, મેવો, દ્રાક્ષનો દારૂ, લાકડાં, ઉન, લોઢાનો સામાન, હથીયાર યંત્રો વગેરે થાયછે. બૂમી રસળછે બધી જાતની ધાતુની મોટી ખાણોછે.

(૧૨) સ્વિતઝર્લાંડ.

સીમા—ઉત્તરે ને પૂર્વે જર્મનિ અને આસ્ટ્રિઆ, દક્ષણે ઈતાલિ અને પશ્ચિમે ફ્રાન્સ છે.

ભાગ—૨૨ છે.

પર્વત—આલ્પ્સ પર્વતનું માંબ્લાં નામનું શિખર છે.

નદીઓ—રહાઇન, રહોન, દાન્યુબ અને પો. ઇ.

સરોવરો—કોન્સ્ટન્સને જીનીવા.

શેહેર.

જીનીવા—રહોન નદી ઉપર છે તેમાં ઘડિયાળ અને ઘરેણું સારાં થાય છે.

બેસલ(બારસી કે બાલ)—રહાઇન નદી ઉપર છે તે રેસમી વણાટને માટે પ્રખ્યાતછે,

બર્ન—રાજધાની આર નદી ઉપરછે.

ઝુરિચ—યુનીવર્સિટિને માટે પ્રખ્યાતછે.

વિશેષ હકીકત—લોકો જર્મન કુળનાછે પણ ઘણા ફ્રેંચને

ઈટાલિઅનછે ખેતી ને હુનરી માલ સારો થાયછે. રેશમ, ઘડિયાળ, અલંકાર, ભરતકામ, ઈમારતી લાકડું, ઢોર, ઈત્યાદિ થાયછે.

(૧૩) ઇતાલિ.

સીમા—ઉત્તરે આલ્પ્સ પર્વત, પૂર્વે આદ્રિઆટિક સમુદ્ર અને આસ્ત્રિયા, દક્ષિણે ભૂમધ્ય સમુદ્ર, પશ્ચિમે ફ્રાન્સ ને ભૂમધ્ય સમુદ્રછે.

પરગણાં—૬૯ છે.

પર્વત—આલ્પ્સ, આપીનૈન્સ, વિસુવિયસ, એટ્ના.

નદીઓ—પો, આદિજ, આર્નો અને તૈબર.

બેટ—સિસિલિ, સાર્દિનિઆ, એલ્બા, માલ્તા, ગોઝો.

સરોવર—ગાર્દા, કોમો, માજીઓરી.

ભૂશિરો—સ્પાર્તિવેન્તો, પાસ્સારો.

સામુદ્રધુનિ—ઓત્રાન્તો, મેસિના અને બોનિફેસિઓ.

અખાત—વેનિસ, તારન્તો, જીનોઆ.

શેહેર.

રોમ—તૈબર નદીને કાંઠે રાજધાનીછે દુનિઆમાં પ્રસિદ્ધ પએલાખાંનું એ એકછે તે ઇ. સ. પૂ. ૭૫૩ માં વસ્યુ તેમાં રોમન કાથલિક ધર્મનો અધ્યક્ષ પોપ રહેછે.

નેપ્લસ—ભૂમધ્ય સમુદ્રને કાંઠેછે.

મિલાન—લાંબાર્ડિ પ્રાંતની રાજધાનીછે.

પાલર્મો—સિસિલિની રાજધાનીછે.

ટ્યુરિન—પીદમોંત પ્રાંતની રાજધાની પો નદી ઉપરછે.

ફ્લોરેન્સ—તરકની પ્રાંતની રાજધાની આર્નો નદી ઉપરછે.

લેગહોર્ન—બંદરછે.

જીનોઆ—જીનોઆ નામે અખાત ઉપર બંદરછે.

વેનિસ—આદ્રિઆટિક સમુદ્ર ઉપર બંદરછે.

પાદુઆ—યુનિવર્સિટિને માટે પ્રખ્યાતછે.

બ્રિન્દિસિ—બંદરછે.

બોલોના, પાર્મા, મેસિના, સાનમારેનો—ચારે સ્વતંત્ર શહેર છે.

વિષેશ હકીકત—દેશ ઉપર રાજાનો અમલછે. ઈતાલિ દ્વીપકલ્પની આકૃતી મનુષ્યના પગ જેવીછે. વિસુવિયસને એટ્ના જવાળામુખી પર્વતછે. માલ્તા ને ગોઝો બેટ ઈંગ્રેજને તાબેછે ભાષા ઈતાલિઅનછે લોક હોંશિઆર પણ આળસુ ને નિર્ધનછે. વિદ્યા તથા ગાયનોમાં તેઓ પ્રખ્યાતછે મુખ્ય ઉદ્યમ ખેતીછે. મેવો, તેલ, દારૂ, સણુ, રસાયની પદાર્થો, ગંધક, આરસ વીગેરે થાયછે.

(૧૪) યૂરોપી તુર્કસ્તાન.

સિમા—ઉત્તરે આસ્ત્રિઆ, હંઅરિ અને રૂશિઆ, પૂર્વે આર્કિપેલોગો, માર્મોરા ને ભૂમધ્ય સમુદ્ર, દક્ષિણે ગ્રીસ, પશ્ચિમે આસ્ત્રિઆ, આદ્રિઆટિક અને ભૂમધ્ય સમુદ્રછે.

પરગણાં—૮ છે.

સ્વતંત્ર સંસ્થાન—રોમાનિઆ, સર્વિઆ, મોતીનીગ્રો.

પર્વત—કાર્પેથિઅન, બાલ્કન, ઓલિમ્પસ.

નદીઓ—દાન્યુબ, સેવ, પૂથ.

બેટ—ક્રિત. (કાંદિઆ), લેમનોર

સામુદ્રધુની—દાર્દનલ્સ. (હેલેસ્પોંટ), બાસફરસ.

અખાત—સાલોનિકી.

શેહેર.

કોન્સ્તાન્તિનોપલ—(ઇસ્તાંબુલ) રાજધાની બાસફરસની સામુદ્રધુની ઉપરછે; તે કોન્સ્તન્તેન પાદશાહે ઇ. સ. ૩૩૦માં વસાવ્યું.

આદ્રિઆનોપલ—વેપારનું સ્થળછે.

બુચરેસ્ત—રોમાનિઆ પ્રાંતની રાજધાનીછે.

બેલગ્રેદ—સાર્વિઆ પ્રાંતની રાજધાની સેવ ને દાન્યુબ નદીના સંગમ ઉપર છે.

સોલોનિકિ—તેજ નામના અખાત ઉપર બંદરછે.

ગાલ્લીપોલી—દાર્દનલ્સ ઉપર બંદરછે.

વિશેષ હકીકત—રાજકરનાર પાદશાહને સુલતાન કહેછે અને ૧૮૭૮માં આ રાજ્યને રૂશિઆએ હરાવી તોડી પાડયું. એના કેટલાક પ્રાંતો એ રાજ્યમાંથી નીકળી ગયાછે. રાજ્યની મુખ્ય સત્તા તુર્કના હાથમાંછે, ક્લેવોનિયન લોકોની વસ્તી વધારેછે. ગ્રીકકૂળના લોક જારતીછે ભૂમિ રસળછે ને ધાતુની ખાણો પુષ્કળછે, રાજવ્યવસ્થા સારી નથી. લોકો નિર્ધન અને ઉદ્યમ વગરનાછે. ધાન્ય, ઉન, મેવો, ગુલાબનું અત્તર, રેશમ, ચામડાં, ઇમારતી લાકડું, મીઠું, તમાકુ વિગેરે થાયછે.

(૧૫) ગ્રીસ. (યુનાન).

સીમા—ઉતરે તુર્કસ્તાન, પૂર્વે આર્કિપેલેગો સમુદ્ર, દક્ષિણે અને પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર.

ભાગ—(૧) ઉત્તરગ્રીસ, (૨) મોરિઆ દ્વીપકલ્પ, (૩) દ્વીપો.

પર્વત—પારનાસસ.

બેટ—આયોનિયન, નીગ્રોપ્રોંટ, સૈકલેદીસ.

ભૂશીરો—માતાપાન.

સંયોગીભુમિ—કોરિંથ.

અખાત—પત્રાસ, લીપાંતો. (કોરિંથ), ઇજીના.

શેહેર.

આથેન્સ—રાજધાની પ્રાચીન ઇતિહાસમાં પ્રખ્યાત થએલાં શેહેરોમાંનું એકછે.

કોરિંથ—કોરિંથની સંયોગીભૂમિની પાસેછે.

નોપ્લિઆ—અંદરછે.

બીજાંશહેર—સ્પાર્તા, કોર્ફુ. ઇત્યદિ.

વિષેશ હકીકત—લોકો નિર્ધનછે તેમને વેપાર બહુ ગમેછે અને તેઓ સારા વહાણવટીછે. કેટલાક વખતથી તેમનાપર નઠારો અમલ ચાલેછે. આમળાં તેલ, સીસું વિગેરે થાયછે.

ઉચ્ચ પ્રદેશ—સ્પેનમાં કાર્ટાઇલનો, બાવેરિઆનો, નોર્વેમાં એવરની, આબ્રિઆમાં બોહિમીઆનો.

મેદાન—હોલાંડથી પૂર્વે વોલગા નદી સુધીનું મેદાન, હંગરીનું

મેદાન, રૈગા તથા ફિનલાંડના અખાતથી યુરલ પર્વત સુધીનું મેદાન, કાળાને કાસ્પિઅન સમુદ્રના ઉત્તર કાંઠા આગળનું મેદાન.

શોધ—નાર્વેમાં યુંકેન, સ્વિતઝર્લાંદમાં લોફેન, પિરીનિઝમાં ગર્વની, ઇટાલીમાં હરતી એ કૃતિમછે. ઇંગ્લાંડમાં સ્કેધફાર્સને સ્કાટ્લાંડમાં ફાયર્સ.

समाप्त.

જાહેર ખબર.

આ બુક પાંચમા ધોરણના વિદ્યાર્થીને માટે ઘણીજ ઉપયોગીછે તેની આ પહેલી આવૃત્તિ ઘણીજ શ્રમ લેઇ બહાર પાડવામાં આવીછે અને લોભ નહીં રાખતાં વિદ્યાર્થીના લાભ તરફ નજર રાખી કીંમત ઘણીજ સસ્તી રાખીછે.

મળવાના ઠેકાણાં.

બુકસેલર-મોતીલાલ મગનલાલ } ઠે. અમદાવાદ
બુકસેલર-ફકીરચંદ કીલાભાઇ } માણેકચોકના બ.

કાવિઠા—રા. ગિરધરલાલ મનસુખરામ પાસેથી.
ઉમરેલા-રા. જેઠાલાલ હરજીવન પાસેથી.
કર્તા પાસેથી મળશે.

કમીશન દસ ઉપર રાખનારને પંદર ટકા અને પચીસ ઉપર રાખનારને વીસ ટકા ટપાલ ખર્ચ માફ નોટપેડ કાગળ લેવામાં આવશે નહિ. પોસ્ટની ટીકીટો અગર મનીઓર્ડરથી નાણાં મોકલવાં.

બધો પત્ર વ્યવહાર માસ્તર મોહનલાલ મુળચંદના નામથી ચલાવવો.

નરોડા—મોહનલાલ મુળચંદ.